## કાંકરેજ તાલુકાના ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું

કાંકરેજ, તા. ૨૩

કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરી સિડફાર્મમાં કાંકરેજ તાલુકાના ખેડૂતો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી સિડફાર્મથી નીકળી મામલતદાર કચેરી સુધી આવી પહોંચી હતી અને કાંકરેજ મામલતદારશ્રીને ખેડૂતોએ આવેદનપત્ર આપ્યું હતું. અને ખેડૂતોની માંગો પૂરી કરવા માટે મુદ્દાઓમાં કાંકરેજ તાલુકામાં એગ્રોની દુકાનોવાળા અને મંડળી તેમજ સંઘ મારફતે રાસાયણિક ખાતરોનું મોટા પ્રમાણમાં કાળો બજાર કરવામાં આવે છે અને બજાર કરતાં વધુ કિંમત વસુલ કરવામાં આવે છે. આવા સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહિ કરવી, કાંકરેજમાં પાણીના તળ ઉંડા ગયેલ હોવાથી બનાસનદીમાં તાત્કાલીક પાણી છોડવા અંગે તેમજ બુકોલી, ઉંબરી ગામ પાસે સુજલામ સુફલામ નહેર નીકળતી હોવાથી નહેરનું પાણીનો ગેટ મુકવા બાબત તેમજ બનાસ નદિમાંથી રાત દિવસ લીઝ ક્વોરીઓ મંજુર કરેલ છે. અને રેતીનો વેપાર કરતા લીઝ ક્વોરીઓ બંધ કરાવવા બાબત અને કેન્દ્ર સરકાર દ્વારા ઘઉંનો ભાવ ૨૫૪ રૂ. બાંધેલ હોવા છતાં ઘઉંનો ભાવ ૨૫૦ થી ઓછો ઓછો અપાયેલ છે. તેના માટે યોગ્ય કરવા બાબત જેવા મુદ્દાઓને લઈ કાંકરેજના ખેડૂતો દ્વારા મામલતદાર કચેરીમાં આવેદનપત્ર રજુ કરેલ છે.

## અખાત્રીજના તહેવારને લઈ લોકોમાં ઉત્સાહનો માહોલ

ડીસા, તા. ૨૩

હિન્દુ ધર્મ માટે મહત્વના પર્વ સમાન અખાત્રીજ પર્વને લઈ લોકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે હજારો લગ્નના મૂર્હત હોવાથી જિલ્લામાં શરણાઈના સૂર અને લગ્નના ઢોલ ઢબુકી ઉઠશે. જેના કારણે સમગ્ર માહોલ આનંદ-મંગલમય બની ઉઠશે. અખાત્રીજના શુભ પર્વે લોકો નવિન ગાડીઓ સહિત અન્ય મોંઘી વસ્તુઓની પણ ખરીદી કરે છે. આ સાથે દુકાન કે મકાનના મુર્હુત માટે પણ આ દિવસ શુભ હોઈ વહેલી સવારથી જ લોકો નવા કપડામાં સજ્જ બની જશે. અખાત્રીજના તહેવારને લઈ છેલ્લા અઠવાડીયાથી બજારમાં ધુમ ખરીદી ચાલતી હતી. જેને મુર્હત ન નિકળે તેને બ્રાહ્મણો અખાત્રીજનું મુર્હત આપતા હોય છે.

આ દિવસે અસંખ્ય પ્રમાણમાં લગ્ન તેમજ શુભ પ્રસંગ યોજાય છે જયારે ખેડૂતો અખાત્રીજના દિવસે ખેતીના ઓજારોની પૂજા કરશે. અગાઉ જયારે ટ્રેકટર નહોતા ત્યારે ખેડૂતો હળની સાથે બળદને ખેડૂતને ઘઉં વડે પોંખી તેના ઓવારણા લેતા. કંકુના ચાંદલા કરતા અને બળદોના શિંગડા રંગોથી રંગતા. બળદગાડાને ચાંદલા કરી હળોતરા કરતા. હવે બળદનીજગ્યા ટ્રેકટરે લઈ લેતા ખેડૂતો ટ્રેકટર વડે પણ પરંપરા નિભાવી અખાત્રીજના તહેવારની ઉજવણી કરે છે.

## પાલનપુરમાં માથાભારે મહિલાની ખોટી કનડગત સામે જિલ્લા પોલીસવડાને લેખિત રજૂઆત કરાઈ



પાલનપુર, તા. ૨૩

પાલનપુર શહેર અમદાવાદ હાઈવે પર આવેલી કૃષ્ણનગર પાસે રહેલી એક માથાભારે મહિલાના ત્રાસથી ભયભીત બનેલું એક પરિવાર આજે જિલ્લા પોલીસ વડાની કચેરીએ દોડી આવ્યું હતું. જ્યાં તેઓએ ન્યાયની ગુહાર લગાવતા ડી.એસ.પી.એ. પણ તેઓએ તટસ્થ તપાસ કરી ન્યાય અપાવવાની ખાત્રી આપી હતી.

પાલનપુર શહેરના અમદાવાદ હાઈવે વિસ્તારમાં કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા પ્રવિણકુમાર રામચંદભાઈ પ્રજાપતિ આજે ભયના ઓથાર તળે પરિવાર સાથે બનાસકાંઠાના જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ માથાભારે મહિલા શકુંતલા દ્વારા વારંવાર ખોટી ફરીયાદો કરી આર્થિક, માનસિક તેમજ શારીરિક રીતે થતી પજવણી સામે ન્યાયની ગુહાર લગાવી હતી.

આ માથાભારે મહિલાથી આસપાસના વિસ્તાના રહીશો પણ ફફડી ઉઠ્યા છે. વળી, પ્રવિણ પ્રજાપતીના પરિવારજનો પર તો છાશવારે ખોટી પોલીસ ફરીયાદો કરી તેમને આર્થિક અને સામાજીક રીતે બેહાલ કરી દેવાતા હોઈ તેઓ માટે હવે જીવન જીવવું પણ દુષ્કર બન્યું હોઈ તેઓએ જીલ્લા પોલીસ અધિક્ષક અશોકકુમાર યાદવ સમક્ષ ન્યાયની ગુહાર લગાવી હતી. જો કે જિલ્લા પોલીસ વડાએ પણ આ અંગે ન્યાયીક અને તટસ્થ તપાસ કરી યોગ્ય પગલાં ભરવાની ખાત્રી આપતા ભયના ઓથાર તળે ફફડતા પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

## વડાલી-ખેડબ્રહ્મા ઠાકોર સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૩

વડાલી-ખેડબ્રહ્મા સત્તાવીસ ગોળ ઠાકોર સમાજ પ્રગતિ મંડળ દ્વારા સમાજના પ્રથમ સમૂહલગ્નોત્સવનુંતથા સંબંધોત્સવનું આયોજન તા. ૨૨ એપ્રિલના રોજ અંબિકા માતાજી મંદિર સંકુલમાં ખેડબ્રહ્મા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.

સમાજના પ્રથમ સમૂહલગ્નોત્સવમાં સમાજનાં દરેક પરિવારનું માનવમહેરામણ ઉમટી પડ્યું હતું. સમૂહલગ્નમાં જોડાનાર દરેક કન્યાને સમાજના સખી દાતાઓ તરફથી તિજોરી-સોનાની ચુની - પાનેતર-ચાંદીના સિક્કામાં માટલુ - તાંબાના લોટા સહીત અન્ય સોળ જેટલી ઘરવખરી કન્યાદાનમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલ સત્કાર સમારંભમાં અધ્યક્ષ તરીકે શિક્ષણમંત્રી રમણલાલ વોરા ઉદ્‌ઘાટન તરીકે શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ અને મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ - ઠાકોર અને કોળી સમાજ નિગમના અધ્યક્ષ પુજાજી એલ. ઠાકોર સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સમૂહલગ્નોત્સવને સફળ બનાવવા પ્રગતિ મંડળના પ્રમુખ પુંજાજી એન.ઠાકોર - મહામંત્રી ડાહ્યાજી એમ. ઠાકોર તથા સંબંધોત્સવ સમિતિના પ્રમુખ ગણપતજી એસ. ઠાકોર મંત્રી મુળજીભાઈ એમ. ઠાકોર સહિત સમાજના આગેવાનોએ સફળ બનાવ્યો હતો.

## કોંગ્રેસની પરિવર્તન યાત્રાનું ડીસા ખાતે ભવ્ય સ્વાગત

ડીસા, તા. ૨૩

બનાસકાંઠાના જિલ્લા ડીસા ખાતે ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ દ્વારા હિસાબ દો જવાદ દો. પરિવર્તન યાત્રા આવી પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા જલારામ મંદિર ખાતે ૧૦ વાગે પરિવર્તન યાત્રા આવી પહોંચી હતી. આ યાત્રા ડીસા શહેરના જલારામ મંદિર ખાતેથી નીકળી સાંઈબાબા મંદિર, એસીડબલ્યુ સ્કુલ, લાયન્સ કલબ થઈ સભા સ્થળે પહોંચી હતી. આ પરિવર્તનયાત્રાને ગુજરાત પ્રદેશ કોગ્રેસના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ સંબોધી હતી. આ યાત્રામાં અર્જુનભાઈ મોઢવાડિયા સાથે સંસદ સભ્ય મુકેશદાન ગઢવી, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન, ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત સદસ્ય દલસંગભાઈ પટેલ, જિલ્લા કોગ્રેસ પ્રમુખ બાદરસિંહ વાઘેલા, રાયમલજી સોલંકી, જિલ્લા પંચાયત સદસ્ય રાજુભાઈ જોશી, પ્રકાશભાઈ ભરતીયા, અશ્વિનભાઈ પરમાર, ખેમચંદભાઈ સોલંકી, દિપકભાઈ પટેલ, લક્ષ્મીબેન, ગેનીબેન પ્રજાપતિ સહિત કોગ્રેસના કાર્યકર્તા અને મોટી સંખ્યામાં શહેરીજનો જોડાઈને યાત્રાને સફળ બનાવી હતી.




### પાલનપુરમાં કોંગ્રેસની જનચેતના યાત્રા...

ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓ નજીક આવતાં સત્તાધારી ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ દ્વારા જનસંપર્ક અભિયાન વેગવંતુ બનાવતા કોંગ્રેસ દ્વારા સમગ્ર રાજયમાં ઝોન વાઈઝ ફરતી જનચેતના યાત્રા હિસાબ-દો જવાબ દોના નારા સાથે પાલનપુર આવી પહોંચી હતી. જો કે, આમ પ્રજાને આવા રાજકીય કાર્યક્રમોથી જાણે કંઈ જ પડી ના હોય તેમ શહેરીજનોમાં જુવાળ જોવા મળેલ નહી. અર્જુન મોઢવાડીયાની ગેરહાજરીથી કોંગ્રેસીઓમાં અને આમ પ્રજામાં પણ તર્ક વિતર્કો જોવા મળેલ. જયારે મુકેશ ગઢવીએ સાંજે જાહેરસભામાં કહેલ કે આ મંચ ઉપર બેઠેલાઓનું કોઈ કશું બગાડી શકશે નહીં. પણ અમે તમારા માટે અહીં આવ્યા છીએ. જેમાં અગ્રણીઓમાં જિ. પ્રમુખ બહાદુરસિંહ વાઘેલા, જિ.પં. પ્રમુખ દલસંગભાઈ પટેલ, રાજેન્દ્ર જોષી, પ્રકાશ અગ્રવાલ, કરણસિંહ ચૌહાણ હાજર રહ્યા હતાં. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## હિંમતનગરમાં થયેલ મહિલાના હત્યા કેસમાં પતિની સંડોવણી હોવાની પોલીસને શંકા

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના એસ.ટી. સ્ટેન્ડ પાસેના ખાડામાંથી રવિવારે વહેલી સવારે હત્યા કરાયેલ મહિલાની લાશ મળી આવતા શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મહિલાની લાશને પોષ્ટમોર્ટમ માટે મોકલી આપી તેના વાલીવારસોની તપાસ હાથ ધરી હત્યાનો ભેદ ઉકેલવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. ભોગ બનેલ મહિલા રાજસ્થાનના નાથદ્વારાના જાલોકીમંગારગોગુન્દાની તેજકુંવર રતનસિંહ (ઉ.વ.૩૫) હોવાનું તપાસમાં ખૂલતા પોલીસે તેના પરિવારજનોને જાણ કરતા તેના પિયરપક્ષના સભ્યો હિંમતનગર દોડી આવ્યા હતા અને ભોગ બનેલ મહિલા તેમની દીકરી હોવાનું જાણાવતા પોલીસે પી.એમ. કરી મૃતદેહ તેમને સુપ્રત કર્યો હતો. હત્યામાં તેનો પતિ સંડોવાયો હોવાના સંયોગિક પુરાવાઓને લઈ પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે અને અમદાવાદમાં રહેત તેજકુંવરના પતિ રતનસિંહને પકડવા માટે પોલીસ ટીમ રવાના થઈ ગઈ છે.

હિંમતનગર એસ.ટી. સ્ટેન્ડ પાસેના ખાડામાં રવિવારે તેજકુંવર રતનસિંહ નામની ૩૫ વર્ષીય મહીલાની ચપ્પાના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. શહેરના હાર્દસમા બસ સ્ટેન્ડ પાસે મહિલાની હત્યાના સમાચારથી શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતા એસ.ઓ.જી. પી.આઈ. અને ટાઉન ઈન્ચાર્જ પી.આઈ. પોલીસ કાફલા સાથે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. એફ.એસ.એલ. ટીમ અને પોલીસ ડૉગસ્કવોર્ડની મદદ લઈ હત્યાનો ભેદ ઉકેલવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ડી.વાય.એસ.પી. ગેહલોતની રાહબરી હેઠળ પી.આઈ. પટેલ, રાયટર અજુસિંહ પરમાર, પરબતસિંહ ઝાલા, ચંદ્રકાન્તભાઈ, સાંકાભાઈ દેસાઈ, ગફુલભાઈ દેસાઈ અને વિનોદભાઈએ મળેલ સંયોગિક પુરાવાઓના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં હત્યામાં પતિ રતનસિંહની સંડોવણી હોવાનું જણાતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે અને ટાઉન પોલીસ સ્ટેશનની એક ટીમ પતિ રતનસિંહને પકડવા માટે અમદાવાદ રવાના થઈ હોવાનું જાણવા મળેલ છે.

પતિના હાથે હત્યાનો ભોગ બનેલ રાજસ્થાનની તેજકુંવરનું ૭ વર્ષ અગાઉ રતનસિંહ સાથે લગ્ન થયું હતું અને સંતાનમાં તેને બે પુત્ર અને એક પુત્રી પ્રાપ્ત થયા હતા પરંતુ તે પિયરમાં રહેતી હતી પરંતુ ૪ માસથી રતનસિંહ પત્ની તેજકુંવરને અમદાવાદ રહેવા માટે લઈ ગયો હતો. તેણે કયા કારણસર પત્નીની હત્યા કરી તેનું રહસ્ય હાલ અકબંધ રહેવા પામ્યું છે પરંતુ તે જયારે પકડાશે ત્યારે હત્યાનું સાચું કારણ બહાર આવશે.

## હિંમતનગરમાં હાથમતી કેનાલના બ્યુટીફીકેશનનું કામ પૂરજોશમાં શરૂ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર શહેરમાંથી પસાર થતી હાથમતી કેનાલના બ્યુટીફીકેશનનું કામ પૂરજોશમાં શરૂ થઈ ગયું છે. પ્રથમ તબક્કામાં કેનાલની રોડ તરફની સાઈડની સફાઈ તેમજ લેવલ માટેની કામગીરી હાથ ધરાઈ રહી છે. જો કે વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈન મારફતે મહાવીરનગરના અનેક લોકો ગટરના પાણીનો નિકાલ કરતા હોઈ તેને તાત્કાલિક બંધ કરાવવા સિંચાઈ વિભાગે નગરપાલિકાને પત્ર લખીને જાણ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના મહાવીરનગર પાસેથી પસાર થતી અને ખેડ-તસીયા રોડને અડીને આવેલી હાથમતી કેનાલનું રૂપિયા ૧૦ કરોડના ખર્ચે બ્યુટીફીકેશન કરવા માટે સિંચાઈ વિભાગ અને નગરપાલિકા દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. આ જમીન સિંચાઈ વિભાગના હસ્તક આવેલી છે, પરંતુ તેનો વિકાસ નગરપાલિકા કરનાર છે. કેનાલની બં તરફ વોકિંગ ટ્રેક, બગીચો, શોપિંગ કોમ્પ્લેક્ષ તેમજ અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને તેનાથી કેનાલની આસપાસનો વિસ્તાર રળિયામણો બનશે.

આ કામ માટે ટેન્ડર પ્રક્રિયા કર્યા બાદ એજન્સીને વર્ક ઓર્ડર આપી દેવાયો છે અને હાલ મહાવીરનગર ચાર રસ્તાથી કામની શરૂઆત કરી દેવાઈ છે. જેમાં પ્રથમ તબક્કામાં સાફ-સફાઈ ચાલી રહી છે અને વિવિધ મશીનોની મદદથી લેવલ કરવામાં આવી રહ્યું છે. ત્યારબાદ લાઈનિંગનું કામ શરૂ થશે.

આ અંગે સિંચાઈ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે નગરપાલિકા દ્વારા વરસાદી પાણીનો નિકાલ કેનાલમાં થાય તેવું આયોજન કર્યું છે. પરંતુ મહાવીરનગરના કેટલાક રહીશોએ ગંદા પાણીના નિકાલની પાઈપલાઈનોને વરસાદી પાણીની પાઈપલાઈન સાથે જોડી દીધી છે. જેથી હાલમાં કેનાલમાં દુષિત પાણી ઠલવાતું હોઈ કામમાં અડચણ આવી રહી છે. જેથી ગંદુ પાણી બંધ કરાવવા સિંચાઈ વિભાગે નગરપાલિકાના ચીફ ઓફીસરને પત્ર લખીને ઘટતી કાર્યવાહી કરવા જણાવ્યું છે. હિંમતનગર નગરપાલિકા તરફથી એક બાજુ હાથમતી નહેરની કેનાલનું બ્યુટીફઈકેશન કરવામાં આવી રહ્યુ છે. જ્યારે બીજી તરફ મહેતાપુરા પાસે હાથમતી નદીમાં આસપાસના કતલખાનાના માલિકો માંસ, હાડકા વગેરેનો નિકાલ નદીમાં કરે છે. પરિણામે નદી દુષિત બની રહી છે. આસપાસની હોટલમાંથી પણ નોનવેજ ખાણીપીણીનો બગાડ પણ નદીમાં પધરાવાય છે. જેથી આસપાસના લોકોને તીવ્ર દુર્ગંધનો સામનો કરવો પડે છે. આવી પ્રવૃત્તિ રોકવા પાલિકા તેમજ વહીવટી તંત્ર યોગ્ય પગલાં ભરે તેવી માંગ મહેતાપુરા વિસ્તારની પ્રજા તરફથી ઉઠી છે.

## ઊંઝા નજીકના ઐઠોર ગામ પાસે થયેલ માર્ગ અકસ્માતમાં એક યુવાનનું કરૂણ મોત

ઊંઝા, તા. ૨૩

ઊંઝા નજીકના ઐઠોર ગામે હાઈવે પર ટર્બો ટ્રક અને એસેન્ટ કાર અથડાતાં કારમાં બેઠેલ એક યુવાન વ્યક્તિનું કરૂણ મોત નિપજ્યું હતું.

સિદ્ધપુર નજીકના ખળી ગામેથી ચાર યુવાનો બપોરના સમયે ખળી ચાર રસ્તાથી એસેન્ટકાર નં. એમ.એચ.૦૪ બી.કે. ૧૫૭૬માં ઊંઝા વિસનગર ધોરીમાર્ગપર આવેલ તિરૂપતિ નેચરલ પાર્ક ખાતે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ઊંઝાથી આઠ કિ.મી. દૂર ઐઠોર પાસે સામેથી આવતી ટર્બોટ્રક નં. આર.જે.૩૨-જી.એ.૨૯૧૭ સાથે કાર અથડાતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં બેઠેલા ચાર વ્યક્તિઓ પૈકી શાદીક સાબીર તુક્કા ઉ.વ. ૨૫ રહે. ખળી ચાર રસ્તાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યુંહતું. જયારે અન્ય ત્રણ જણાઓને વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને તુરત ઊંઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## હિંમતનગરના સહકારી જીન પાસેથી વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે બે પકડાયા

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર ટાઉન પોલીસે બાતમીના આધારે રવિવાર સાંજે સહકારી જીન પાસેથી બેજણાને ૧૨ બોટલ વિદેશી દારૂ સાથે પકડી પાડી ત્રણ વિરૂદ્ધ ગુનો નોંધી ત્રણેને પકડી પાડી જેલ હવાલે કરેલ હતા. હિંમતનગર ટાઉન પોલીસમથકના ઈન્ચાર્જ અને એસ.ઓ.જી. શાખાના પી.આઈ. - એસ.એમ. પટેલને મળેલ બાતમીના આધારે હિંમતનગર ટાઉન પોલીસમથકના ડી સ્ટાફના સાકાભાઈ દેસાઈ, લાલાભાઈ પરમાર અને ચંદ્રકાંત પરમાર ત્રણે જણા રવિવારે સાંજે હિંમતનગરના સહકારી જીન ચાર રસ્તા પર વોચ કરી રહ્યા હતા દરમિયાન ૬.૩૦ વાગેના સુમારે શામળાજી તરફથી આવેલા વાહનમાંથી બે જમા થેલા લઈને ઉતરેલા અને સહકારી જીન તરફથી છાપરિયા તરફ આવી રહેલ જેમને પકડી પાડી થેલામાં તપાસ કરતાં બંને થેલામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૨ કિંમત રૂ. ૪૮૦૦ ની મળી આવેલ જેથી પોલીસે રાજુભાઈ બચુભાઈ પાંડોર (રહે. જુવારવા (પાટિયા), તા. ખેરવાડા, જિલ્લો-ઉદેપુર) અને લાલશંકર ધુળાજી અસારી (રહે. ભામટાવાડા, તા. ખેરવાડા, જિલ્લો ઉદેપુર) બંનેને પકડી પાડી તેની પાસેથી ૪૮૦૦નો દારૂ અને બે મોબાઈલ કિંમત રૂ. ૧૫૦૦ મળી કુલ ૬૩૦૦ નો મુદ્દામાલ પકડી પાડ્યો હતો અને બંનેની પૂછપરછ કરતા જણાવેલ કે આ દારૂ હિંમતનગરમાં જિલ્લા પંચાયત પાસે શક્તિનગરમાં રહેતા ટીનો ઉર્ફે મુકેશ હીરજી પટેલને આપવાનો હતો. જેથી પોલીસે તાત્કાલિક ટીનો ઉર્ફે મુકેશ હીરજી પટેલને પણ પકડી પાડેલ અને ત્રણે વિરૂદ્ધ હિંમતનગર પોલીસમથકે ગુનો નોંધી જેલ હવાલે કરેલ હતા.

## પ્રાણી સંગ્રહાલયમાં ટૂંકમાં એક હાથી લાવવા તૈયારી

અમદાવાદ, તા. ૨૩

મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાણીસંગ્રહાલયમાં હાલમાં એકજ હાથણી હોવાથી બીજો હાથી લાવવા માટે તંત્રએ ચક્રો ગતિમાન કર્યા છે અને આજે તેના ભાગરૂપે ઝૂ ઓર્થોરિટી ઓફ ઈન્ડિયાની એક ટીમ બેંગ્લોરથી ઝૂની મુલાકાતે આવી હતી. રીક્રીએશન કમિટિના ચેરમેન બીજલબેન પટેલે જણાવ્યુ હતુ કે હાલમાં પ્રાણીસંગ્રહાલયમાં માત્ર એકજ હાથણી રૂપા છે તેથી બીજો હાથી લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે તેના પગલે આજે એક ટીમ બેંગ્લોરથી આવી હતી. ટીમે હાથી માટેની તમામ પ્રકારની સુવિધા અને વ્યવસ્થાનું નિરિક્ષણ કર્યુ હતુ. હવે ઝૂ ઓર્થોરિટી ઓફ ઈન્ડિયા તરફથી મંજુરી મળ્યા પછી હાથી લાવવામાં આવશે. હાલમાં હાથીને એક રૂમમાં રાખવામાં આવે છે પરંતુ હાથી માટે ખુલ્લુ પાંજરુ બનાવવામાં આવશે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧